દૂધ સંજીવની યોજના હેઠળ ૨૦૦ મી.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધમાં ફેટનું પ્રમાણ ૪.૫ (૯ ગ્રામ) કરવા અંગેની **સને ૨૦૨૪-૨૫ની નવી બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:**TDD/New/e-file/25/2023/1699/GH**
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૦૨/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૦૬-૧૭૪૬-ઘ.

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૬/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સદસ/૧૦૨૦૧૬/૨૨/ખ

(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૦૧/૧૨/૨૦૨૩ નો પત્ર નં. DOTD/MSC/e-file/242/2023/3450/Talim Sankalan

**પ્રસ્તાવના:-**

રાજ્યની ધોરણ ૧ થી ૮ની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને "દૂધ સંજીવની યોજના" હેઠળ પોષણક્ષમ દૂધ આપવાની યોજના વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧)થી અમલમાં છે. હાલમાં ઉક્ત યોજના હેઠળ બાળકદીઠ ૨૦૦ મી.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. જેમાં ફેટનું પ્રમાણ ૧.૫% (૩ ગ્રામ ૨૦૦ મી.લી. પાઉચ) નક્કી થયેલ છે.

રાજ્યની ધોરણ ૧ થી ૮ પ્રાથમિક શાળાઓઆં અભ્યાસ કરતા બાળકોને હાલ અપાતા ૨૦૦ મી.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધમાં ૧.૫%(૩ ગ્રામ) ફેટના પ્રમાણમાં વધારો કરી ફેટનું પ્રમાણ ૪.૫% (૯ ગ્રામ) કરવામાં આવે તો બાળકોના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસમાં વધારો થાય તેમ છે જે ધ્યાને લેતાં દૂધ સંજીવની યોજનામાં દુધના ફેટનું પ્રમાણ ૧.૫% થી વધારીને ૪.૫% કરવા માટેની દરખાસ્ત કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ દ્વારા વંચાણે લીધેલ ક્રમ –(૩) પરના પત્રથી કરવામાં આવેલ છે. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે દૂધ સંજીવની યોજનામાં દુધના ફેટનું પ્રમાણ ૧.૫%(૩ ગ્રામ) થી વધારીને ૪.૫% (૯ ગ્રામ) કરવા માટે **માંગણી નં. ૯૬** (ટીએએસપી) હેઠળ રૂ.૧૫૦.૦૦ કરોડ (અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા)ની સને ૨૦૨૪-૨૫ ની નવી બાબતને નીચેની શરતો આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) દૂધ વિતરણ અંગેની રૂટની વ્યવસ્થા બાબતે પ્રાયોજના વહીવટદારશ્રીએ સ્થાનિક મધ્યાહન ભોજન યોજનાના અધિકારીઓ સાથે વિચારણા કરીને રૂટ નક્કી કરવાનો રહેશે.

(૨) દૂધ વિતરણ વ્યવસ્થા માટે પેકિંગના પાઉચ ઉપર “વેચાણ માટે નથી” તેવું સ્પષ્ટ લખવું અને દૂધના પાઉચની વેચાણ કિંમત લખવાની રહેશે. તેમજ ડેરીનો ફોન નંબર અને ૨૦૦ મી.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધમાં ફેટ, કાર્બોહાઈડ્રેટ પ્રોટીન, ખનીજ, કેલ્શીયમ, વીટામીન-એ અને વીટામીન-બી ની માત્રા કેટલી રહેશે તેનું કોમ્પોઝીશન સ્પષ્ટ વંચાય તે રીતે દર્શાવવાનું રહેશે.

(૩) ચાલુ શૈક્ષણિક સત્રમાં યોજનાનું અમલીકરણ થાય તે તારીખથી ૩૦ એપ્રિલ સુધીના દિવસો આવરી લેવાના રહેશે. તે મુજબ શાળા અને બાળકોની સંખ્યા મુજબ ખર્ચની વિગતો પ્રયોજના વહીવટદારશ્રીઓએ નક્કી કરવાની રહેશે.

(૪) શાળાઓએ જાહેર રજા, રવિવારની રજા તથા દૂધ બંધ રાખવાનું હોય તે દિવસના પ્રસંગોએ દૂધ બંધ રાખવા માટે એક દિવસ અગાઉ જાણ કરવાની રહેશે.

(૫) ૨૦૦ મી.લી. દૂધના પાઉચની કિંમત સિવાયના અન્ય ખર્ચને ચોક્કસ ધોરણે નિયત કર્યા બાદ અન્ય ખર્ચ મંજૂર કરવાનો રહેશે.

(૬)યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશનરશ્રી,આદિજાતિની કચેરીએ રાખવાની રહેશે.

(૭) આ યોજનાનો અમલ કમિશનરશ્રી,આદિજાતિની કચેરી નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૮) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૯) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૦) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી “ ના વાંધા પ્રમાણપત્ર ” (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૧) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૧૨) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૧૩) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૬) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૧) આ અંગેનુ ખચે રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પારિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૨) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૨૭) આ ઠરાવનો અમલ નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫ ના શૈક્ષણિક સત્રની શરૂઆતથી કરવાનો રહેશે.

(૨૮) દૂધ સંજીવની યોજના અંગેના પ્રવર્તમાન ઠરાવોની અન્ય શરતો /જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ )
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

- માન, રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ. )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આવિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, સ્કૂલ અને મધ્યાહન ભોજન, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે વિભાગ હેઠળના બોર્ડ, નિગમ તથા સોસાયટીની કચેરીઓ...
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરી,(કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે.)
- સર્વે તકેદારી અધિકારીશ્રી, કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીઓ....
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), આણંદ (કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, **વેબસાઇટ** ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.